શ્રી નવીન

સતી પાર્વતી–નાટકનાં

ગાયનો.

શ્રીમંત ગાયકવાડ સરકાર સયાજીરાવ મહારાજાશ્રિત

શ્રી દેશી નાટક સમાજને ભજવવા માટે

રચી પ્રસિદ્ધ કરનાર

ઝવેરી દાહ્યાભાઈ ધોળસાજી,

માજી સંસ્કૃત શિક્ષક, મિશન હાઇસ્કુલ,—અમદાવાદ.

યુનિયન પ્રિન્ટિંગ પ્રેસ—અમદાવાદ.

સંવત ૧૯૫૧.—સને ૧૮૯૫.

કિમ્મત રૂ. ૦–૨–૦

નોટીસ.

આ ચોપડી ખરીદ કરનારને તથા ચોપડીઓ વેચનારને વિનંતી કરવામાં આવેછે કે તેમણે અમારી સહી સીક્કાવાળી ચોપડીઓ લેવી અને વેચવી. આ પ્રમાણે નોટીસ આપ્યા છતાં જેઓ પાસે અમારી સહી સીક્કા વગરની ચોપડી હશે તેણે કાયદા વિરૂદ્ધ ઉપાયોથી મેળવીછે એમ ગણી કાયદેસર ઇલાજ લેવામાં આવશે.

આ ચોપડી તા૦ આપીછે.

સહી

શ્રી પરમાત્મને નમઃ

શ્રી 'સતી પાર્વતી' નાટકની પ્રવેશવાર હકીકત.

અંક પ્હેલો.

પ્રસ્તાવના—મંગલાચરણ સૂત્રધાર નટી.

પ્ર. ૧—ઇન્દ્રની કચેરી. દક્ષ નામે ઋષિને આવતા જોઈ સઘળા ઉભા થાયછે. બ્રહ્મા તથા શિવજી ઉભા થતા નથી. દક્ષે પોતાની દીકરી 'સતી' શિવજીને પરણાવી હતી; તેથી પોતાના જમાઈતરફથીજ પોતાનું ભરી કચેરીમાં આવું અપમાન થયું એ દક્ષ ઋષિને ઘણુંજ લાગી આવ્યું. શિવજી તરફથી તેમનો મુખ્ય સેવક નન્દી બોલી ઉઠ્યો. તકરાર લાંબી વધી પડી. દક્ષે શિવજીને શાપ દીધો કે તું હલકામાં હલકો દેવ ગણાઇશ તથા તારો યજ્ઞમાંથી ભાગ બંધ થશે. નન્દીએ શાપ દીધો કે મ્હારા ગુરૂજીના પ્રતાપથી તારા અભિમાનના બદલામાં તારે બોકડાનું માથું થશે. છેવટે બીજા ઋષિ તથા ઇન્દ્રે વચ્ચે પડી તકરારને તત્કાળ તો અટકાવી.

પ્ર. ૨—વ્હેર વાળવા ધુંધવાતા દક્ષ ઋષિ; શિષ્યનું સમજાવવું; મહાયજ્ઞ માંડી શિવજીને તેડામાંથી ટાળી અપમાન કરવાનો ઠરાવ.

પ્ર. ૩—ધરમઢોંગી વ્યાસજીની કથા.

પ્ર. ૪—જમના સોનારણ ભગતાણી. મઘો સોની. સોનારણનો ઉપદેશ.

પ્ર. ૫—સતી તથા સાહેલીઓ. ગરબો. વિમાનની દોડાદોડ જોઈ સતી પોતાની સાહેલીઓને પૂછે છે કે આ બધાં વિમાન ક્યાં જાયછે. પોતાના પિતાને ઘેર યજ્ઞના સમાચાર સાંભળી ત્યાં જવા ઠ-

રાવ. શિવજીનું પધારવું; પતિ પાસે પિતાને ત્યાં જવા સતી રજા માગેછે. શિવજીનું ના પાડવું. સતીની હઠ તથા પરાણે પજવી રજા લઈ નન્દી સાથે પીઅર જવા નીકળવું.

પ્ર. ૬—ભગતાણીને માણભટ. પોગળ પકડાઈ જવું.

પ્ર. ૭—પાર્વતીના મૈઅરમાં મ્હાલવાના ઉમંગ અને નન્દીનું રોળ.

પ્ર. ૮—દક્ષ ઋષિનો યાગ. સતીનો તિરસ્કાર. સતી પસ્તાય છે અને ભવોભવ એજ દેહે શિવજી પતિ મેળવવાનો સંકલ્પ કરી યજ્ઞવેદીમાં બળી મરેછે. દક્ષને ધિક્કાર.

પ્ર. ૯—શિવજી વિરહમાં. સતી બળ્યાની નન્દી મારફતે ખબર. ભૂતગણને બોલાવી દક્ષને શિક્ષા કરવા નિકળવું.

પ્ર. ૧૦—દક્ષનો ફરીથી યાગ. શિવજી યજ્ઞમાં ભંગ પાડે છે તથા દક્ષનું માથું કાપી નાંખેછે. દેવતાની વિનંતિ સ્વીકારી બોકડાનું માથું બેસાડેછે. અભિમાનીને અભિમાનનું ફળ.

અંક બીજો.

પ્ર. ૧—શિવજી જોગમાં. હિમાચળ રાજાને ત્યાં મેના રાણીને પેટે 'સતી' તેજ દેહે પાર્વતીના નામે અવતરેલાં છે. તે પાર્વતી સખીઓ સાથે રમવા નિકળેછે. છોડીઓની રમત. પાર્વતી ' આ મ્હારો વર એમ કહી શિવજીને વળગી પડેછે. છોડીઓનો અચંબો.

પ્ર. ૨—હિમાચળ રાજા તથા મેના રાણીનો દીકરીના વર માટે વિવાદ. નારદનું આવવું. પાર્વતીને શિવજીની સેવા કરવા જવાનો બોધ.

પ્ર. ૩—સોની તથા પ્રપંચી સોનારણ. પતિને આધીન. વ્યાસનું વેશ બદલી આવવું. નાશી જવાનો સંકેત. ફુલણીઓ સોની.

પ્ર. ૪—અપ્સરાઓની રમત. તારક નામે દૈત્યનું આવવું. રમ્ભાનું સપડાઈ જવું. દૈત્ય અને રમ્ભાનો વિવાદ. ચોટલે ઝાલી લઈ

જવું. અપ્સરાઓનો તથા દેવમંડળનો ગભરાટ. બ્રહ્માજીનું પ્રગટ થવું. શિવજીનો જોગ ચૂકાવી એમના પેટનો પુત્ર થાય તો તે તારકૈદત્યને મારશે એમ બ્રહ્માજી યુક્તિ બતાવેછે.

પ્ર. ૫—ઇન્દ્ર અને બ્રહસ્પતિ શિવજીનો જોગ શી રીતે ચુકાવવો એ ગોઠવણ કરેછે.

પ્ર. ૬—ઇન્દ્રની કચેરી. કામદેવને માન. કામદેવની સત્તા સંબંધી તકરાર. કામદેવ શિવજીને જોગમાંથી ચૂકવવાનું બીડું ઝડપેછે.

પ્ર. ૭—કામદેવની સ્ત્રી રતી તથા તેની સાહેલી. કામદેવને રતિનો શિવજીનો જોગ ચૂકવવા સંબંધી વિવાદ. વસંતનું આવવું અને અપ્સરાઓને સાથે લઈ શિવજીને છળવા જવું.

પ્ર. ૮—સોનીનું ઘર મારી વ્યાસ તથા સોનારણ નાશી જાયછે. સોનીનો ગભરાટ અને જોગી થઈ પાછળ પડવા ઠરાવ.

પ્ર. ૯—શિવજી જોગમાં. કામદેવની કારીગીરી. પાર્વતીનું પૂજન. કામદેવ બાણ મારેછે. શિવજી કામદેવને બાળી મુકેછે. પાર્વતી અને શિવજીનો સંસાર સુખ સંબંધી વિવાદ. પાર્વતીને તરછોડી શિવજી ચાલ્યા જાયછે.

પ્ર. ૧૦—રતિનો વિલાપ. આકાશ વાણી અને આશા.

પ્ર. ૧૧—હિમાચળ રાજા તથા મેના રાણી પાર્વતીને દુઃખનું કારણ પૂછેછે; લાજ મુકી શિવજીને વરવા માટે તપ કરવા જવાની આજ્ઞા માગેછે; માબાપની આનાકાની; હઠ લઈ પરાણે હા પડાવી પાર્વતી તપ કરવા જાયછે.

અંક ત્રીજો.

પ્ર. ૧—શિવજીને પાર્વતીની તપસ્યાની નન્દી ખબર આપેછે. નન્દીને ખબર કાઢવા શિવજી મોકલેછે.

પ્ર. ૨—ગૌરી શિખર ઉપર પાર્વતી પંચાગ્નિ સાધેછે. સખીઓ પાસેથી નન્દી ખબર મેળવેછે.

પ્ર. ૩—સોની જોગી.

પ્ર. ૪—નિકળી ગએલાં આશક માશુક; વ્યાસ ને સોનારણ, આગળની હાલતનું વિવેચન.

પ્ર. ૫—જોગી સોની ભવિષ્યવાદી. સોનારણ અને વ્યાસનું ભૂત તથા ભવિષ્ય કહેછે. ઓળખાણ. બન્ને મળી બીચારા સોનીને હાંકી કાઢેછે.

પ્ર. ૬—પાર્વતીની પાણીમાં તપશ્ચર્યા. શિવજી બ્રહ્મચારી બાવાનો વેશ કરી તેનું મન પારખવા આવેછે. શિવજી પોતાનીજ નિન્દા કરેછે; પાર્વતીનો ધિક્કાર; મૂર્છામાં પાર્વતી પડેછે. શિવ વેશ બદલી પ્રસન્ન થઈ પાર્વતીને અચંબામાં નાંખે છે. પરસ્પર પ્રેમ ગાંઠનું ગંઠાવું.

પ્ર. ૭—શિવજી નન્દીને બોલાવી સપ્તઋષિ પાસે જઈ હિમાચળ રાજા પાસે કન્યાનું માગું કરવા મોકલેછે.

પ્ર. ૮—સોનારણ અને વ્યાસનો કજીઓ. વંઠેલની વઢવાડનો નમુનો.

પ્ર. ૯—મેના રાણીને પાર્વતી શંકરજીતી આવ્યાની વધામણી. સપ્તઋષિનું માગું; અને વિવાહનું શ્રીફળ.

પ્ર. ૧૦—જોગી સોની. વ્યાસ સોનારણને મારી નાંખવા બાંધી લાવેછે. પકડાય છે; પરણેલને મુકી મોજ મઝા માણવાની આશા રાખનારના બેહાલ અને પસ્તાવો.

પ્ર. ૧૧—નારદ. નન્દીને ઉંધું સમજાવે છે કે શિવજીની સાસુ જ્ઞાનીછે માટે શિવજીને તેમના અસલ સ્વરૂપમાં જોવાછે માટે વરઘોડામાં બળદ ઉપર બેશી અબધતનું રૂપ કરી પરણવા આવે.

પ્ર: ૧૨—વરઘોડો. મેના માને નારદ બતાવેછે. જમાઇનું રૂપ જોઈ મેના માનો તિરસ્કાર અને આવા અડબંગને દીકરી નહિ દેવાનો ઠરાવ.

પ્ર. ૧૩—વર તોરણે. સાસુ પૂંખવા ના પાડેછે.

પ્ર: ૧૪—શિવજી અને પાર્વતીનો ખાનગી મેળાપ; નારદનું પોગળ પકડાવું.

પ્ર. ૧૫—ખુશી થઈ પૂંખવું. દીકરીને શિખામણ; શિવવિવાહ અને આનંદ આનંદ.

મુખ્ય પાત્રોનાં નામ.

સતી	... ...	દક્ષ પ્રજાપતિની પુત્રી. શિવજીની સ્ત્રી.
પાર્વતી	... ...	સતીએજ હિમાચળ રાજાને ત્યાં અવતાર લીધો તે.
દક્ષ	... ...	એક ઋષિ પ્રજાપતિ.
શિવ	... ...	મહાદેવજી.
નન્દી	... ...	શિવજીનો મુખ્ય સેવક.
જયા, વિજયા	... ...	સતીની સાહેલીઓ.
હિમાચળ	... ...	એક દેવાંશી રાજા.
મેના	... ...	હિમાચળની રાણી.
કામદેવ	... .	એક દેવ.
રતી	... ...	કામદેવની સ્ત્રી.
વસંત	... ...	તેનો દોસ્તદાર.
રમ્ભા	... ...	એક અપ્સરા.
તારક	... ...	બ્રહ્માનું વરદાન પામેલો એક જુલમી દૈત્ય.

સોની, સોનારણ, વ્યાસ, ઇન્દ્ર, અપ્સરાઓ, દેવતાઓ,

વિગેરે. વિગેરે.

શ્રી પરમાત્મને નમઃ

મંગલાચરણ.

ૐ હ્રીં શ્રી જીનપદ વંદી, આનંદી કૃતિ આરંભું
કેવલ દર્શન જ્યોતિ ઝળકે, ચિદાનંદ રૂપ જગ વ્યાપે—ૐ૦
નમું તે જગગુરૂ જીનવર ચરણે, દાસ આશ પ્રભુ પાસજી પૂરે
જ્યમ ઉદ્ધાર્યા ધરણીંદ્ર—નમું૦
ધિરકિટતક, ધિરકિટતક, ધિરકિટ મૃદંગ વાગે
થોમ્ થોમ્ ધિધિ કટ ધાધા
નવ નવ રંગિત શાસ્ત્ર સુસંગીત
કવિવર પણ નવ વરણે—નમું૦

———:૦:———

નાટક દુનીઆનું દર્પણ રૂડું ગુણ દોષ જોવાનું;
ખાંતેથી જોઈ જોઈ બોધ લઈ દીલડાનું દુઃખ ખોવાનું;
જ્યાં સુંદર મનહર ગાણું—રસભરેલ રૂડું ભાણું
ભલે મૂરખડા ભસી મરે કે ધિંગ ધિંગાણું—નાટક૦
ઘડીક હસાવે, ઘડીક રડાવે, બહુ બોધ બતાવે;
લે જેને મન જે ભાવે—જ્યમ માર્યું ત્રાંબું ખાવે
રીતસર ખાધે રસ આવે—નહિં તો જમપૂરી જાવે
કરમકૂટ ઊંધું સમજે તો કોને કહેવાનું—નાટક૦

૧

દેવમંડળ—રાજે નૃપમણિ શ્રીસુરમણિ મહારાજ
વ્યાપ્યો જય ગગડાટ—ગાજે સુજશજ ઘન ઘનન...
દુઃખ સંતાપના જે તાપ કાપ આપો આપ
આપદ્ રજ બધી દાબી આ; જશ વિજ ઝબકી આ;

સંપત્તિ નદી વહી જાય;
રૂપરૂપ નિધાન—ધન ધન સમાન—દયાવાન;
સારે ધનરાજ કાજ—રાજે૦

૨

અપ્સરા—રાજવી વિલાસો રાજ્ય લક્ષ્મી આધીન રહી,
માળા આરોપી ઉભી બોલે છે ધન્ય ધન્ય.
ધન્ય ધન્ય ધન્ય ધન્ય લક્ષ્મી આધીન રહી—રાજ૦
શાંન્તિ વિણાનો ઝણણાટ થતાં ઝટ ઝટ
થેઈ થેઈ થેઈ થેઈ સંપત્તિ નાચી રહી—રાજ૦

૩

સઘળા—જગપતિ પશુપતિ ક્રોધ ન કરશો
રીસ પ્રજાપતિ હ્રદયે ન ધરશો
દક્ષ—હું શું સહું અપમાન—જગ૦
ઇન્દ્ર—સાગર એ મર્યાદા મુકી, માંહો માંહી ક્લેશ કરે
સઘળા—કોણ ચૂકાવે જબર જંગ એ—જગ૦
દક્ષ—ઝ્હેરનાગનો ડંખ ન વિસરે, આગ લાગી છે અરરર અંગે
શિવ. નન્દી—હાલી ચણો આ વાગી મરે જો;
સઘળા—હાં હાં શોભે ભંગ રંગમાં !!!—જગ૦

દક્ષ— ૪

ઝ્હેર, ઝ્હેર, વ્યાપ્યું રગે, મારૂં મારૂં કાપું કાપું
અંતર અરરર આગ ધખે—ઝ્હેર૦
અ હા હા હા હા હા હા હા કીધું અપમાન
ભૂલી ચાલ્યો લંગોટો સઘળુ ભાન
રાખજે રાખોડી ચોળ પૂરે પૂરૂં ધ્યાન—ઝ્હેર૦

જમના ભગતાણી— ૫

હું સોનારણ મદમાતી, થઈ ભગતાણી પંકાતી
રહું છું છેટે છણકાતી, ભલભલાને પાણી પાતી—
નજર થકી હું નગર નચાવું, વચનથી વશમાં લાવું
ભગતપણાના પડદા પાછળ, શા માટે શરમાવું—હું૦
કથા દેવનાં દર્શન કેરૂં બ્હાનું કહો બાઈ કેવું ?
હરવું ફરવું મોજ મઝામાં કથન ન કોઇનું રહેવું—હું૦

૬

ફરી ના મળે રે લ્હાવો ફરી ના મળે
આવો મનખારે જનમનો લ્હાવો ફરી ના મળે—
પથ્થર જેવું માનવી તેમાં, હીરો કેમ ભળે—હી૦
બાવળીઆનું બીજરે વાવ્યે, આંબો કેમ ફળે—આં૦
નારાયણનું નામ છે સાચું, એથી ફેરો ટળે—એ૦

સોની— ૭

તું તો પ્યારી મારા પ્રાણ કે તને ઠગાય શું જીવજાન.
સોના૦—એ તો જાણ્યા કહેવાના પ્રાણ, નથી હો કાંઈ હું અજ્ઞાન—
સોની—મ્હોં માગ્યું હાજર કરી દઊં છું એનો આ શિરપાવ
સોના૦—કંથ કહુંછું હું તમ કાજે, આણો ભક્તિ ભાવ
જપો હાથમાં માળા લઇને નારાયણનું નામ
સોની—હે નારણ, હે નારણ, હે નારણ
તું થઈ ભગતાણી વિદવાન, તો હું ભગતજી ચતુર સુજાણ—

સતી-સાહેલીઓ— ૮

સુંદર સોહાવે સખીઓ સુંદર સોહાવે
સતીને સદગુણનો શ્રૃંગાર—સખી૦

દેહને દીપાવે સખીઓ દેહને દીપાવે,
આપી અનુપમ તેજ અંબાર—સખી૦
મધુર વચનની કંચુકી, શીલ ગુણ સાડી સાર,
દંપતી પ્રેમની દામણી, ભણતર નવસર હાર;
દીલડાને ડોલાવે સખીઓ દીલડાને ડોલાવે
ઝમકતી પતિવ્રત જડિત્ર ઝાલ—સખી૦
અંજન પવિત્ર પ્રેમનું, મંજન સરળ સ્વભાવ,
લોકલાજ ઝાંઝર ભલાં, ધર્મ તિલક દેખાવ;
ચિત્તને ચમકાવે સખીઓ ચિત્તને ચમકાવે
કરપર દાનચૂડીનો ચળકાટ—સખી૦
લલિત ભૂષણથી ભામિની, રીઝાવે ભરથાર,
સંસારે તે નારનો ધન્ય! ધન્ય! અવતાર;
સુંદરી દીપાવે સખીઓ સુંદરી દીપાવે
પોતે પિતા પતિ કુળ નાર—સખી૦

૯

જયા-વિજયા—વિપરીત વાત જગતથી તું તો બોલે છે બેની—ટેક.
કહ્યાગરાં ધણીના થાવામાં, શી સ્ત્રીની શોભા
એ સઘળીને હું મન માનું, સ્ત્રી રૂપે ડોબાં—વિપ૦
પાળેલા પોપટની પેઠે પતિ વશ કરી લઇએ
હાથ માંહિ જે નાથ નચાવે, તે ચતુરા કહીએ—વિપ૦

સતી— ૧૦

એમ મથે પતિ વશ કરવા તે ચતુરા નવ કહીએ—ટેક
બળ્યો ઝળ્યો પતિ ઘર આવે ત્યાં, છણુક છણુક કરતી,
ઘડી ઘડી હઠ લેઈ રીસાયે, ક્લેશ બધે કરતી—એમ૦

મધુર વચન પુષ્પેથી વધાવી, સલાહ શુભ દેતી
સંકટ સમયે સ્હાય થાય જે, ચતુરા તે કહેવી—એમ૦

સતી— ૧૧

ઘેલી ઘેલી આજે હું તો પ્રાણાધાર
આવી પ્રીતમ તમે હર્યું મમ તન મન—ઘેલી૦
રંગીલા, રસીલા, છબીલા, પ્યારાને, ન્યારાન, મુકું લગાર-ઘેલી૦
પ્યારી મારી જાઉં વારી ધન્ય વાણી,
મ્હારે શાણી, મદ ભરી સુંદરી સુજાણ—

શિવજી— ૧૨

સત્કાર જગતમાં જીવનું જીવન પ્યારી પ્રાણાધાર,
સત્કાર વિના નરનાર, નિરધારવાંજ ગમાર;
નાનું સરખું છે નાક તથાપિ તે વિણ નરનું ન માન
સત્કાર જગતમાં સ્યાણી, નરની નીશાની જાણ—
સત્કાર વિના સ્વર્ગે વસવું પણ જુવતી ઝેર સમાન—

સતી— ૧૩

જાવા વોને મહિઅરીએરે-કંથ કગરતી કહું—જાવા૦
શિવ—જા જા ઘેલી હઠીલી રે—આજે તુ આ શું લવે!—જા૦
સતી—વારૂ છો રહી ઘેલી રે—જાવું છે નાથ ખરે—વારૂ૦
ચોમાસે નદીનો રે—વેગ તે ખાળ્યો ખળે—ચો૦
તટ તોડીને જાય ખરે—નાથ ન રોક્યો રહે—તટ૦
શિવ—માનો માનુની મારૂં રે—સારૂં તમારૂં થશે—માનો૦
સતી—હાથ જોડીને માગુંછું રે—નાથ ન રોકો મને—હાથ૦

શિવ— ૧૪

પતિ પ્રાણ પછી સતી સર્વ ધારે,
પતિથી ન કાંઈ પત્નીને વધારે;

પ્રથમ પતિ પછી પ્રભુ સતી સ્વીકારે,
શાસ્ત્રસાર શીખી સુંદરી વિસારે—પતિ૦

સતી— ૧૫

હાં સ્વામીનાથજી મૈઅર જાશું મ્હાલવા—મૈ૦

શિવ—તેડા વિના તરૂણી તમોને મળશે ન જરીએ માન

સતી—તાત ઘરે પીયુ તેડું ન જોઇએ, ત્યાં તો સદા સન્માન—મૈ૦

શિવ—પતિ ઉપરવટ થઇને જાતાં, થાવું ન રૂડું પરિણામ

સતી—ભોળાનાથજી નાથની મ્હારે, હૈયે પૂરી છે હામ—મૈ૦

ભગતાણી— ૧૬

વાહ વાહ વાહ વાહ પૂરી પડી છે વાહ તાલ
ટળી ગયું વચ્ચેથી સ્વામીનું સાલ—વાહ૦
હૈયાના હાર પ્યારા વ્યાસજી મ્હારાજ મારા
આવે મારા છબીલા છોગાળા લાલ—વાહ૦
રંગે રમીશું હરખે હસીશું
હવે કોના ભાની રહી ઓશીઆળ—વાહ૦

ભગતાણી— ૧૭

કાનુડો શું જાણે મારી પીડ—એ અડિઅલ હઠીલો—કા૦
જળરે જમુનાનાં અમે ભરવા ગયાં તાં
કાનુડે આવીને છાંટયાં નીર—છાંટયાં છરરરરર—કા૦
શેરીએ ને શેરીએ અમે રમતાં ને ભમતાં
કાનુડે ખેંચીને ચીર્યાં ચીર—ચીર્યાં ચરરરર—કા૦
રાધા રસીલી રમે માધવ સાથે

સોની—લે લે રમાડુ આમ,

શોના૦— બાપ ઓ અરરરરર—

સોની—કાનુડાએ જાણી તારી પીડ, આ અડીઅલ હઠીલે—કા૦

સતી— ૧૮

અવતાર એણે જાણુવો, જે મ્હાલી નહિં મૈઅર મહિં,
માતના ના સુખ તણો, હા લ્હાવ લીધો મન ભરી;
બાપને ભોજાઈ મળીને, બ્હેન બ્હેન મુખે કહે,
એ સુખ જેને સાંપડ્યું, તે સ્વર્ગ ચિતમાં ના ચહે—
નહિં રાંધવું કે સીધવું, સાસુ નણુંદ નહિં નડે,
વળી વેણુ કડવાં કંથનાં, શ્રવણે ન સાંભળવાં પડે,
મૈઅર તણું સુખ માનુની જે પૂર્ણ રીતે જાણતી,
ભમરી પડે મૈઅર પુંડે, બાળા અહોનિશ બાઝતી—

સતી— ૧૯

રમશું, જમશું, હરશું, ફરશું વાહ વાહ વાહ રે

નંદી—નહિં કંઈ પૂછાશો, અદીઠ થાશો
ધક્કા જ ખાશો, ને પસ્તાશો—રમ૦

સતી—જા જા બદનામ

નંદી—... ... ... જો જો પરિણામ;

સતી—ચૂપ.

નન્દી— ઠીક. —રમશું૦

સીઓ— ૨૦

માંડ્યો દક્ષ ઋષિએ જગન, મળ્યા સુરવર મુનિવર ઇન્દ્ર.
પ્હેર્યાં રૂડાં પિતાંબર અંગે, શોભે સુંદરી સ્વામીની સંગે.
રંગે વિપ્રો ભણે વેદ વાણી, સુણી શ્રવણે હું તો હરખાણી.
મોટા મોટા મળ્યા ઋષિરાય સ્વાહા મંત્રથી સિદ્ધિ ભણાય.
તેઓ સર્વે સગાંને સંબંધી, સર્વે ફરતાં ફરેછે આનંદી.

સતી— ૨૧

સુનો સુનો હવે લાગે આ સંસાર
માત તાત અને ભાત થયાં વેરવી આવાર—સુ૦

પતિ પાસે જાશો શું હું લઇને આ કાળ મોઢું,
જનમ પામી હું જેથી તેને જીવ આપું જઇ
વળી કરો શો વિચાર, જીવ ચાલ હાલ હાલ—સુનો૦
અંગ રંગ માંહિ પાડું, કાયા પાડું પાડું
આહુતીમાં શિશ આપું અંગ આગ થકી બાળું
ભોળાનાથ ભવોભવ નાથ થાય થાય થાય—સુનો૦

સતી— ૨૨

શિવ શિવ ફળ હું પામતું—સ્વામી—પામી—શિવ૦
તન મનથી મ્હેં નથી કીધો કોઇનો દ્વેષ
પતિ વચન લોપીઅરે, ચોળી મોઢે મેશ—શિવ૦
હાવા તાત ઘરે હરિ, ફરી ન હશો અવતાર,
પરભવમાં પાછા હજો, શીશંકર ભરથાર;
સતને આધારે થાય, અગ્નિદેવ પોતે સ્હાય—શિવ૦

સઘળા— ૨૩

જગત તણી જનની ગણી, સૃષ્ટિનો શ્રૃંગાર
ગાય સરીખી દીકરી, પ્હોંચાડી જમદ્વાર
ધિક્ ધિક્ તને ધિક્કાર રે (૨) પાપી હજારવાર
રે પાપીઆ ચંડાળ મારી તેં પુત્રી ઠાર—ધિક્૦

શિવજી— ૨૪

ક્યારે ન્યાળુ મૃગનયની, સુંદરી એ સુધાવરણી
ચપળહરણી, કનક વરણી, રસિક રમણી—ક્યારે૦
તે તરૂણી મનગમતી, ઘડી ઘડી ઘટમાં ભમતી—ક્યારે૦
વિરહ સતાવે પાપી, શુધ બુધ હરતો સંતાપી—ક્યારે૦

ભૂતડાં— ૨૫

હુકમ હુકમ અમને સ્વામી શો હુકમ
કૃપા કૃપા કરીને દાખવો એકદમ

સદા સદા અમે તો આપને આધીન
પ્રભુ પ્રભુ પ્રભુ દીસો છો ક્યમ ગમગીન—

ભૂતડાં— ૨૬

મહા મહા માયાળુ માવડી—મહા૦
મુકી ચાલી ક્યાં હાય.
કોણ શીખામણનાં કે'શે કડવાં હવે વેણ?
કોણ શિવને લઇને લઢશે અમારી તરફેણ?
ચૂકવવા કજીઆ અમારા હવે કોની દેન?
હા હા જગદંબા! હાય!—

શિવજી— ૨૭

કુટિલ દક્ષને કુડું હું વાર શું કરૂં—શું કરૂં૦
વ્હાલી વિયોગથી વ્યાપ્યું જે ઝેર
ઉતારૂં ત્યાં જઇ કરીને કેર

બધા—મારો એ પાપીને ઠાર

શિવજી— વાર શું કરૂં—શું કરૂં૦

બધા— ૨૮

અભિમાન તણું ફળ આમ થાય અપમાન
બને બેહાલ મૂરખ—અભિ૦
અભિમાની—અજ્ઞાની—સહી હાની
આખર ધૂળધાણી;
માન દીધે, માન મળે—માન લીધે માન ટળે
ફૂટ ફૂટ થાશો, જગ માંહિ નિંદાશો
હુંપદ તજજો પ્રાણી.
ડૂબે તે જે ગુરૂતા ધરશે, લઘુ જશ તરશે—મા૦

—:૦:—

અંક બીજો.

શવજી— **૨૯**

સોહં ભજીએ, માયા તજીએ—સોહં૦
દિનકર કાયા, અસમજ છાયા
પટથી છવાઈ, જીવ નવ સજીએ—સોહં૦
સુખકર મનહર દીપક જ્ઞાન, જોગીનું જે નિશાન
ઝળક ઝળક જ્યાં થાય, અજ્ઞાન તિમિર ઝટ જાય—સોહં

શિવજી— **૩૦**

હું શું ને તું શું કોણ કોનું છે
મૂરખ જીવડા મદમાં મરેછે—હું૦—
કરમસંજોગે આવી મળ્યાં સહુ
છેવટ એક દિન જાવું ખરૂં છે—હું૦—
વગડે વડલે પંખી મળ્યાં છે
સૂર્ય ઉદય થયે ઉડી જવાં છે—હું૦—
નવીન નશિબ તેવી નીજ બુદ્ધિ
કરમે લખ્યું કોણ મિથ્યા કરેછે—હું૦—

કુમારીકાઓ— **૩૧**

સખીઓ હળી મળી આવો આમકે, રમીએ રંગમાંરે—
સખીઓ ઉર ઉમળકો થાયકે, અતિશય ઉમંગમાંરે—
સરખી વયની સૌ સાહેલી, ઊંચી નીચીને અલબેલી,
ભાવ થકી થઈ ભેળી—રમીએ૦
પરણેલી ઊંચો કર કરજો, બાકીની ગમતો વર વરજો
જો જો જોઈ જોઇ મળજો—રમીએ૦

કુમારીકાઓ— **૩૨**

ઘેલી અલી ગૌરી તેં આશું કર્યું ?

વળગી, જોગી, દિલ ન ડર્યું—ઘેલી૦

પાર્વતી—જોગી તથાપિ એ ભોગી પૂરા

શંભુ શાણા એ શૃંગારે શૂરા

બધી—ગાંડી થઈ, બુદ્ધિ ગઈ—જા—

પાર્વતી—વરએ—

બધી—અરે જા-જા-જા-ઘેલી૦—

નારદ— ૩૩

રટ રામ નામ રસનાએ, જીવડા જનમ સફળ થાયે-
નર ગફલતમાં શું સુતો, સંસાર સમજજે જુઠો
ભોથડ તું પડીશ પછી ભુંડો, શું વળશે પછી પસ્તાયેરે—
બાંધી મુઠ્ઠી અવતરતો, પછી હાથ પસારી મરતો,
તોપણ દિલમાં નહિં ડરતો-મારી માયા મારી કાયા
મારૂં તારૂં નવ જાય—રામ૦—

હિમાચળ-મેના— ૩૪

આત્મા પરબ્રહ્મ વિષે રમાડી, છે સર્વ સિદ્ધિ મુનિરાય સાધી
અહિં આપનું આજ પધારવું તે, માનું મુનિ પુણ્ય તણા પ્રતાપે

મેના— ૩૫

રૂપને જોઇએ, રૂપને જોઇએ, રૂપને જોઇએરે
સ્વામી અમે રૂપને જોઇએ, સદા જોઈ જોઇને મોહીએરે—

હિમાચળ—ગુણને ગણીએ, ગુણને ગણીએ, ગુણને ગણીએરે
ગોરી અમે ગુણને ગણીએ, મોહીએ સદ્ગુણ ગણ મણીએરે

મેના—જોતાં વાંતજ નજરે જેને ઉર પામે ઉલ્લાસ,
હાથેલીમાંનો હીરો એ મુકી કાચ શું લઇએરે—

હિમાચળ—કસ્તુરી કદરૂપી છતાં પણ વિશ્વ વિષે વખણાય,
સાપ એ આપે ઝેરી છતાં પણ મનાયે મણિએરે—

નારદ—ઠાલી ન લઢીએ, ઠાલી ન લઢીએ, ઠાલી ન લઢીએરે
મેનાબાઈ ઠાલી ન લઢીએ–હળી મળી ઘરમાં રહીએરે—

મેના—રૂપાળો સારો કહો મુનિરાજા ?

હિમાચળ— કે સારો ગુણવાન ?

નારદ—ભલો રૂપાળો ને ભલો ગુણી પણ હાથએ હરિનેરે—

સોની— ૩૬

કળાબાઈ કેવી કેવી રે કળાબાઈ કેવી કેવી કેવી રે
ડાંડ રાંડને જોત જોતાંમાં કબજે લેવી રે—કળા૦
બેસતાં માર, હસતાં માર, મારથી જ પાર;
આવતાં લાગે વાર, મારૂં તમાચા ચાર;
વ્હેમ પડયે લગાર, માર તો ધુંવાધાર
બોલવું બંધ, હસવું બંધ, તીર જેવી રે—કળા૦

અપ્સરાઓ— ૩૭

ઝુમ ઝુમ ચતુરા ચાલે—એ ટેક.
ઠમકતી, ચમકતી, લચકતી, મચકતી, હરખતી
નિરખતી, રમતી રાસ—ઝુમ ઝુમ૦
ચાંદની રજની, શાણી સમજણી
રમીએ સજની જય જય મકરધ્વજની
હરખી અપાર, અહા હા હા હા હાહા હા—ઝુમ ઝુમ૦

રમ્ભા— ૩૮

જા જા ચાલ્યો જાને મુકી હવે લટપટ

તારક—અરે પ્રાણ !—જીવ જાન !—

રમ્ભા—ચાલ હઠ હઠ—જા જા૦—
મરતું—જા તું—પાપી–અહિંથી

તારક—હા હા પ્રિયા ભલે મળ્યાં, પૂરવનાં પુણ્ય ફળ્યાં
ચ્યાર ફળ ખાશું ગળ્યાં;

રમ્ભા—છટ્ છટ્ છટ્—જા જા૦—

અપ્સરાઓ— ૩૯

કુટી કાકો પેલો નાંખશે, જો જો ગડબડ જરાએ ન થાએ
સીટ્ ચુપ-કુટી૦

૧ લી—જોયો આ જુલમ;

બધી— રળે પાડે બુમ-કુટી૦

૧ લી—આ તે શો અન્યાય ?

બધી— થાય શો ઉપાય

૧ લી—રાંકડાં રીબાય;

બધી— બધે એજ ન્યાય

વાઘે માણસ મારીયું એની ફર્યાદ ક્યાં જઈ કરાયે—કુટી૦

સઘળા— ૪૦

બ્રહ્માજી શું શું કહીએ, રીબાઇએ પીડાઇએ—
અધવચ અબળા જનને ઘેરી, રમણી મંડળ માળ વિખેરી
ભંગ રંગમાં પાડી વેરી, સીધી-લીધી-વાટને-બ્ર૦
દેવ રીબાવી દાનવ મ્હાલ્યો, જુલમ જુલમ આ આજેજ ભાળ્યો
દુષ્ટ દાનવે ડાટજ વાળ્યો,-રોક્યો-ટોક્યો-ના રહ્યો-બ્ર૦

સઘળા— ૪૧

જય ! બ્રહ્મ સ્વરૂપ ત્રિગુણ મૂર્તિ ત્રાતા
પરમાત્મ ! નમન પરમ શાન્તિ દાતા-જય !
પ્રથમ બીજ ધરી, સૃષ્ટિ સજી બધી
આપો સુખ શાતા—જય બ્રહ્મ ! જય બ્રહ્મ ! (૩)

કામદેવ— ૪૨

માન મુકાવું, ભાન ભૂલાવું, તરત તજાવું ધીર
જોગીને હું ભોગી બનાવું, કાયરને શૂરવીર—માન૦
માનિનીઓનાં માન મુકાવું, પ્રીતમને આધીન બનાવું
ધ્યાની જનનાં ધ્યાન ચૂકાવું, રમણીની પાછળ રઝળાવું
રામ તજીને રામા રટતાં, જ્યાં લાગ્યું મુજ તીર—માન૦
ઝાઝું મુખ શું બોલી બતાવું; શિવજીનો પણ જોગ ચૂકાવું
ઇન્દ્ર—હું કહેતો તો તે આ આવ્યું, ઝડપ બીડું ને ઝટપટ જાતું
બધા—કામદેવ આ કામ બજાવી, થાતું સૌ સુર શીર—માન૦

રતી— ૪૩

પ્રાણપતિ કેમ સખી આવ્યા હજુ આમ નહિં—
રૈન આ અંધારી ઘોર, નાથજી થયા નઠોર
મદન ઝડી લાગી રહી—આવ્યા૦—
સ્નેહ શરદી વધતી જાય, ગાત્ર તોયે ગરમ થાય
આશ વલ્લભ વૈદ્ય મહિં—આવ્યા૦—

રતી— ૪૪

આવો આવો સુભાગી ભોગી રંગ રસીઆ
મુકી ત્રિયા ટળવળતી વ્હાલા ક્યાં વસીઆ—આવો૦
સાંભર્યું ન જરી, એકલી સુંદરી; શાગ રંગે વળી, પ્યારી મુકી પડી;
ભૂલી હું ભૂલી, ભરૂસે ભૂલી
કામદેવ—વાહ વાહ સુંદરી, આ શું ઉચરી !
વ્હાલી ! જાયે વિસારી તું તે જરી વિસરી;
રતી—વારૂ માનુની ક્યાં મનગમતી મળી
કામ૦—મનગમતી તું તનગમતી તું તું હૈયાનો હાર
રતી—પુરૂષ પટઉજ આમ પ્રપંચે ભુલવે ભોળીનાર

કામ૦—ભેદ ન જરીએ ભામા તુજથી સાક્ષી શ્રી ભગવાન
રતી—હસતીતી હું તો અલબેલા ચાતુર ચતુર સુજાણ—આવો૦

કામ૦— ૪૫

લલનાનું મુખ જોઈ પ્યારી, ભૂલ્યા બાળા બ્રહ્મચારી
રતી—તે તો સઘળા સંસારી, આ શિવજી પિયુ અધીકારી—
કામ૦—અરે જા જા, આ શું બોલે, શક્તિ મ્હારી નહિં તોલે—
રતી—સિદ્ધિથી, શિવજી સ્વામી, ચાંચણ સમ નક્કી ચોળે
પશુઓને પશુપતિ કો'શું, ધુળમાંહિ ના રગદોળે—
અપશબ્દો આવા બાળા, ક્યમ જ્યમ ત્યમ આજે બોલે
રતી—મુજ મનમાં, સ્વામી આજે, સિદ્ધિ સંશય ચકડોળે—

રતી— ૪૬

વચનને આધીનરે, પ્રીતમજી વચનને આધીનરે—
ચાલો ઝડપ ચાલો ચાલો મારા સ્વામી—પ્રીતમ૦
કામ૦—માણ પ્રિયા જો (૪) શુકન થાય શુભ
શંકર ઝટ વશ થાશે રે
રતી—પથ્થરને પણ પીયુ પિંગળાવો, શિવ તો દીનહીનરે—

સોની— ૪૭

ભરૂંસે ભૂલ્યા ભાઈ સોની, દશા થઈ આવી દેખોની
હાય હાય બાઈ કોઈ મને કહોની, ઓ બાપ ગઈ ક્યાં એ કાળામ્હોની
ગઈ રાંડ બધું ચોળાવી, ઘરમાં નહીં રાતી પાઈ
પાઈ વિના જીવી શું કરવું, બ્હેતર એથી છે મરવું.
નાના મરૂં તો શું સત્યાનાશ જાય, જીવતો મારો જાય
રાંડ તો રાજી થાય—એમ મરૂં હું—નાના ડરૂં હું.
પકડી પાડું રાંડ, જકડી બાંધુ હાલ, ખેંચી કાઢું ખાલ

બનું અબધુત-જમાવું તૂત-ભરાવું ભૂત—
એ શી તો હું છું સોની—દશા થઈ૦—

અપ્સરાઓ— ૪૮

અહા હાહા ખીલી વસંત બહાર, જાણે સજ્યો સૃષ્ટિ એ શૃંગાર
રંગ બે રંગી પલ્લવ રૂપી વાઘા સજે વનવૃક્ષ;
બોલથી કોકિલ કાળજા કોરે પ્રેમી બતાવી પ્રત્યક્ષ—અ૦
થન થન નાચી મદન ખેલાડી ચિત્ત કરે ચકચૂર;
નાંખે નિસાસા બાળા બિચારી કંથન પાસે ક્રુર—અ૦
પ્રેમથી ઘેલી થઈ અલબેલી મ્હાલતી નાથની સાથ,
વાલમ વ્હાલ ધરીને વધાવે કામ કસુમની માળ—અ૦

પાર્વતી— ૪૯

પૂજું પશુપતિ પાય (૨) સ્હાય થજો શ્રી સતી પતિ રે
મયા કરો મહારાય (૨) વનિતા આ કગરતી વિનવતી રે-
શંકર સંહારક છતાં, કરજો મુજ કલ્યાણ
સોમલ વિધિએ સેવતાં, જયમ નિપજે ગુણખાણ—પૂજું-
રૂપ ભયંકર જગ કહે, મુજ મન કોટી કામ
કુબજા મોહ્યા કાનજી, મનના મેળ તમામ—પૂજું

અપ્સરાઓ— ૫૦

અરે જાગોને જોગી રાજ, જોબન આ જાય ચાલ્યું—
ટકે જીવીત દીન ચાર, શૃંગાર તેથી જગ સાર
ઝટ સફળ કરો સંસાર (૨) રે—જાગો૦
જુઓ જુવતી મળીને, માગે સુંદર રસદાન
ઇચ્છે અધરામ્રત પાન (૨) રે—જાગો૦
જોડી જુવતીથી મન, લે ચુમ્બન આલિંગન
જીવ્યું તેનું ધન્ય ધન્ય (૨) રે—જાગો૦

પાર્વતી— ૫૧

ચાલ્યા ક્યાં ભોળાનાથ. (૨)
ચાલ્યા કરગરતી મુકી બાળા અનાથ, ઝાલોને હાથ-
શિવ—ભોળી ભાસે કુંવરી ભલી ભાત—
પાર્વતી-ઘણું થયું હવે લ્યો લ્યો માની
પરણી પ્રીતમ કરોને પોતાની
શિવ—છટ્ છટ્ રે-છટ્ છટ્ રે
છટ્ છટ્ રે છેડો શું ઝાલે ગમાર-જરા વિચાર
જોગીને જુવતીનો જોઇએ ન સાથ—

રતી— ૫૨

શું શું હું વિસરૂં શું શું ન વિસરૂં વિસરાયું નવ વિસરાયે.
મનહર મૂર્તિ મનમોહનની, ચિતમાં તાદ્દશ ચિતરાયે—
રૂપ વિસરૂં કે ગુણને વિસરૂં, લલિત છટા ક્યમ વિસરાયે
વેણુ વીણાની ભનક હૃદયથી, કેમ કરી હા ભૂલાયે—
મીઠિ પ્રીતની વાત વિષે જે રાત પલકમાં વહી જાતી
પ્રીતમ જાતાં આજે વેરણ હાય પ્રભાત નથી થાતી—
વસંત—ગત વસ્તુને માટે ન જઇએ ઉરમાં ધરીએ ઉદાસી
રતી—જેતું જાયે તેને લાગે બાજાને મનતો હાંસી
વસંત— ૫૩

શાન્ત થારે બાબૂ ! શું ઉચાટથી વળે,
ગભરાટથી શું ગુણવંતી તાપ તે ટળે—શાન્ત૦
દશાની સહમાંથી નહિં કોઈ એ ખસે
સદા સુખી કે નિત્ય દુઃખી કોઇના દીસે—શાન્ત૦
રામ રંક સર્વને દશા દબાવતી
કારીગીરી ન કોઇ ભાગ્ય સામી ચાલતી—શાન્ત૦

આકાશવાણી— ૫૪

કામની કામની ! શોક હે તજી
ભામની, ભાવીને લે ભજી;
જીવણ તાહરો ફરીથી જીવશે.
પાર્વતી, પશુપતી પરણશે—

રતી— ૫૫

વિપત્તિ વિરામી, સલુણા સ્વામી, પ્રીતેથી પામી
રંગે શું રમીશ

વસંત—ભલી ભાભીરે સુજાણ, સાંભળ ધરીને કાન
સ્વર્ગવાસીની વાણ, સૂચવે શુકન

રતી—હૃદયે હરખવેલ, જાણે લાગે છે ખીલેલ
મળશે છોગાળા છેલ, મોહન મદન— વિ૦

વસંત—જીવતો નર ફરી ભદ્રા પામે કહે છે સાચું કથન
આશા અમ્રત મરતા નરને ખરે કરે સજીવન

રતી—મનહર મળશે ?

વસંત— આશા ફળશે.

રતી—રસિક રીઝવશે ?

બન્ને— ભાવથી ભીડશે બાથ.

અહાહા ન્યારી, ખૂબી છે તારી, જઇએ બલિહારી, હે કૃપાનિધાન !

પાર્વતી— ૫૬

કહીએ કહીએ ધરડાને શું શું કહીએ
માતા કહેતાં શરમાઇએ—કહી૦

મેના—કહેને બા કહે, સુખેથી કહે
નહિં વરમાં જરાકે ભાળઇએ—કહી૦

પાર્વતી—તરછોડી મા શિવજી આવ્યા વરવાનો નહિં લાગ

મેના—હંસણી લાયક હંસજ બીજો ના ના નહિં એ કાગ—
પાર્વતી—આ ભવમાં મમ વરછે શંકર વરવા જાતું વન.
સેવાથી નવ રીઝયા તો કરૂં તપથી આરાધન—

પાર્વતી— ૫૭

શા માટે સૌ શોક કરોછો સુણતાં આવી સુંદર વાત
તપથી શિવ શંકર વર વરજે, આપો એ આશિષ હે માત.
મેના—તપને લાયક રત્ન દીકરી, નહિં તુજ કુમળ સરીખી કાય
વનનાં સંકટ વિકટ વેઠવાં, આ જીભથી કયમ હાજ ભણાય
પાર્વતી—શંકર વરવા સહન કરીશ હું, સંકટ સહસ્ત્ર ગાળી કાય
કારજ સિદ્ધ કરી ઝટ આવીશ પૂજીશ પ્રેમે માતા પાય.
મેના—ભૂખ સમે ભોજન નહિં મળશે વાહનનું નવ સમજીશ નામ
હિમા૦—વાઘ વરૂના નાદ સાંભળી હૈયામા નવ રહેશે હામ.
મેના—દૂર થકી ડુંગર રઢીઆળા, વનનાં દુખછે મહા વિકરાળ
હિમા૦—પથ્થર જેવાં કઠણુ કઠણુ કાળજાં ફટ ફટકી જાતાં તતકાળ.
પાર્વતી—સ્વામી વરવા સહન કરીશ હું એ સઘળાં સંકટ સોવાર
અખંડ સુખ સંપત્તિ આગળ એ વન વિપતિનો શો ભાર
તપ વિણુ ત્રિપુરારિ નવ રીઝે પ્રીતે ઝાલે નહિં એ હાથ
શામાટે રોકો છો નાહક મારે તો એ એકજ નાથ.

હિમાચળ-મેના— ૫૮

કુમળ મુખ નીરખીને તારૂં ગાળું દીન સુખમાં દીકરી
વાયુને ધીરૂં નહિં ઘડીએ જંગલ જાવા દઉં શું જરી—
તપની વેળા નથીજ તારી હજુ ઘણી બાળક બુદ્ધિ
દાંત દૂધના છે હજુ તારે તો ક્યાંથી સમજણુ શુદ્ધિ—
જાળાં કોતર નદીઓ નાળાં કોમળ ચરણે કેમ ચલાય
તાઢ તાપને ભુખ દુઃખતે કેમ કરી દીકરી રહેવાય—

ઉંદર છછુંદરથી તું ડરતી વન વસવું શું ઉચ્ચરતી
જા કુંવરી તું કહ્યું માનીને ઘરમાં ભજ કૈલાસપતિ—
રીતભાત તપની નવ જાણે, તાણે હઠ નાહક શીદ આમ
તારે લાયક નહિં શિવ જોગી, વરાવશું કોઈ સુંદર સ્યામ—

મેના— ૫૯

જારે જા ઘેલી કુંવરી—હઠ તજ–રજ રજ—મન ગજ
રોકી રોકી જા—

પાર્વતી—રોકોછો માતાજી શાને, નિરધાર્યા વર,
આ ભવ ભવ ભવ શ્રી શિવશંકર—

મેના—એવા તે કેવા છે શિવજી ગાંડી થઈ તુ આવી
પાર્વતી—જગદીશ્વર
મેના— જોગીવર જગત કહે એ શું ?
પાર્વતી—મા ગાંડી તું સતાવશે જવાદે ને વનમાં
મેના—નથી હું જવાદેનાર
પાર્વતી— રોકી હું નથી રહેનાર
જઇશ જાઇશ બસ બસ—જારે જા માડી શીદને
મનહર વર વરવાને પાડે ના.—

—:૦:—

અંક ત્રીજો.

શિવજી— ૬૦

પખીડા તારૂં જાણીશ જગમાં ન કાંઇરે—
ધન નહિં તારૂં તન નહિ તારૂં, સુંદરી સુત ભાઈ બાઇરે—
કર્મ સેલાણીએ આણી પૂર્યો, ફોગટ ફુલ્યો ફસાઇરે—
સોહં સાચો ભજ ભવ તરવા, માયા આ સર્વે પરાઇરે—

નન્દી— ૬૧

રસીલી તે શેની જેથી રીઝયાં વહિં રસીઆ
ભાળી નહિં ધસીઆ, દૂર જઈ વસીઆ—
રસીલી તે સાચી જેથી રીઝે ઝટ રસીઆ.
નયન કટાક્ષે ભાન ભૂલાવી, મોહન વશ કરે માન મુકાવી
મંદહાસ્યથી ચિત્ત ચળાવી, પ્રીતદીપક મનમાં પ્રગટાવી
પડા પડી કરે પ્રીતમ પતંગીઆં—રસીલી૦
કુસુમ સુગંધી કામ ન આવે, જો શોખીનને ચિત્ત ન ભાવે
ભામનીભૂષણુ દૂષણુ સમજે, શ્યામ સલુણાં જેથી ન સમજે
ફૂળી કળા જો રસીઆ ફસીઆ—રસીલી૦

શિવજી— ૬૨

મારા મનથી કદી ન વિસરે વિનતા—
ચંદ્ર વિનાની ચાંદની, મોતી વિનાનો હાર
કાજળ વિનાની કામની, ભામની વિણુ ભરથાર;
શોભે ન કદી રસ વિના કવિતા—
ઝળકયો જુવતી જોગથી, જે સુંદર શૃંગાર
ચતુરા જાતાં ચિત્તમાં, આજે છે અંધકાર;
અહાહા સાચે સુંદરી તે સવિતા—

શિવજી— ૬૩

અહા વસી રહી હૃદયે રસીલી, સુંદર મનહર છેલ છબીલી
મ્હે શું ધારી વિસારી નાર—અહા૦
ટગર મગર નજરે નીરખંતી, કર દ્વય જોડીને કરગરતી
પ્રેમ દયા સાથે પ્રગટવતી, સુંદરી તે સંભારૂં હાલ—
મનહર ફુલની માળા પડતાં, અંધ અચાનક ઉઠયો ચમકી
સાપ ધારી તરછોડી ચાલ્યો, જો જો આ નિરભાગી ભાગ્ય—

સખીઓ— ૬૪

નહિં ખાય પીયે રાત દિવસ વદે વાતજ એક મહેશની
બની બાવરી બાળ, લેશ નહિં સંભાળીજ વેશ કે કેશની-
સુતાં ઉઠતાં કહે શિવજી ક્યાં, જોતી ફરતી વળી જ્યાં ને ત્યાં
જાવા નિકળે વસે શિવજી જ્યાં—નહિં૦—
ઊંઘતાં ઉંઘતાં એ દમ ઉછળે, આવો આવો પીયુ કહી પાછી વળે
આખી રાત જ એમજ રડતી રહે—નહિં૦
ત્રિપુરારિથી લાગી તાલાવેલી, નહિં સમજાવી સમજે ઘેલી
પિયુ ચિંતા ચિતામાં અરધી પ્રજાળી—નહિં૦—

નન્દી— ૬૫

તજ્યાં જેની ખાતર પિતા માત ભાઈ
ગણે તે ન કાંઈ અરે જો નવાઈ—
ગઈ સ્નેહની જાળમાં આ જડાઈ
નહિં શંભુને કાંઈ જો જો નવાઈ—
રટે શિવ કાયા કરી આ પરાઈ
કળી જાય મિથ્યા અરે કુમળાઈ—
મરે માંછલી નીર વિના હા મુઝાઈ
પ્રીતિ ભૂતના ભૂતની આ તવાઈ

ભગતાણી-નેબ્વાસ— ૬૬

સ્ત્રી જાત સમજવી સાચી ગોય ગોય એમ કે
કુડ કપટ મહિં નહિં કાચી;-એમ ઠીક.
પ્રાણ પાથરે પ્રીતમ કાજે. કહો એ કહેવી કેવી
વાંકુ ચુંકું જરીક થાતાં હાર કરે એ કેવી
જુઓ જોયું—સ્ત્રી જાત૦
વેણ થકી વશ એકને, નેણ થકી બીજાને,
મંદ હસીને ચાળે ચટકે આશા દે ત્રીજાને;
જુઠું-જુઠું-તદન જુઠું—

ઠગ વિદ્યાનાં પૂતળાં પુરૂષો વાત જગતમાં જામી
આલમ આખી સાક્ષી પૂરશે નારી જાત હરામી. વારૂ—
હું તો વ્હાલી હસુંછું એ તો; જાઓ પટઉડા
એં એં એં એં–શું રીસાયાં
જાઓ કહુ છું છેટે જાઓ, ઊંહ ઊંહ ઊંહ
છાનીરે છાની મારી બાપુડી, હું જુઠ્ઠોને લે તું સાચી
એ એ એ—

વ્યાસ-મેધો-સોનારણ— ૬૭

જારે જારે જારે પડશે લાત
વાહરે વાહરે વાહરે ભલી વાત
આવી જા આવી જા
રાંડ નીકળી તું આવી અરે કમજાત—જા૦
ઓય રોઢ્ઢ આવો પ્રીતમજી
ચતુરાઈ મ્હેં લીધી સહુ સમજી
કૂક્કડ જોઆ–વાહ પ્રીતમજી
અલખ જગાવો સોનીજી સમજી
હું—ચૂપ—સીત્તારામ.

શિવજી— ૬૮

સુતી જે સુખ સેજમાં ગિરિસુતા તે પાણીમાં પોઢતી,
આછાં રેશમી વસ્ત્ર અંગ ધરતી તે ભસ્મ હા ચોળતી;
જે જમતી મિષ્ટાન્ન નિત્ય ફરતાં તે કંદમૂળે જમે,
હા હા પ્રેમની શક્તિ છે અજબ એ પૂરૂ પિછાણ્યું અમે.
કાયા સુકાયાં કાષ્ટ સરખી હાડનું પિંજર રહ્યું,
ડોળા જુઓ આ ડગડગે વળી તેજ ઝળઝળતુ ગયું;
બાળા મરી મરી બોલતી વળી બળ બદનમાં નહિં જરી
કાયે કરી અહિં રહી હરી ચિતવૃત્તિ મુજચરણે ધરી—

૬૯

ललित लघु वयनी કોમળ કુમારીકા તું
આકરૂં તે આદર્યું આ તપ તે શી આશ છે— ટેક
કોમળ હૃદય બાળે કમળથી સુકોમળ
વન આ વિકટ ભારે જળ ચારે પાસ છે
સંપત્તિના નથી સાંસા સ્વરગની નથી આશા
સ્વરગ સમાન તારા પિતાના આવાસ છે—
આવી વારૂ શું રીસાઈ નથી સમજાતું કાંઈ
વારૂ કોઈ વર વરવાની હૈયે આશ છે
સંભવતું તે એ નથી રત્ન શું ઘરાગ ખોળે
ઘરાગજ રતનને જાતે ખોળે ખાસ છે

પા૦—

૭૦

સુનિવર કાયા આ ગાળુછું શ્રી શિવશંકર વર વરવા,
હોંશ ઘણી છે મુજને હૈએ ત્રિલોચન કર કર ધરવા;
એક વખત દીઠાછે શશીધર વશી રહ્યા છે હજી અહિંઆંજ
ધ્યાન ધરૂંછું હરનિશ તેનું ઇચ્છા અવર નથી માહારાજ.

શિવજી—એં હે શું બોલી તું બાળા પતિ પરખમાં પૂર્ણ અજાણ
ભંગી જંગી એ ભોળાથી તારૂં શું થાવું કલ્યાણ.
ક્યાં રાહુને ચંદ્ર ચારૂ ક્યાં રત્ન સાથ નવ શોભે પ્હાણ
ડુંગર ખોદે ઊંદર કાજે ધન્ય ધન્ય છે તારૂં જ્ઞાન.

પા૦—રૂડા કે ભુંડા શિવજીને પામ્યે થાવી લીલા લ્હેર,

શિવજી—પરહરી અમ્રત શીદને શાણી જાણીને ઘોળેછે ઝેર;

પા૦—ખેર ઝેર કે અમ્રત છે એ તથા તમારે શી તેની
વનમાં તપ તપતાંએ આવાં નડતર નડતાં જો એની—

શિવજી—

૭૧

જાત તણું સુખ જો ઇચ્છે તો સાપ્ને પણ પરણીશ નહિ શિવ

પેટ ચોળીને શૂળ ઉપજાવી જોખમમાં શીદ નાંખે જીવ ?
દેવાંગના દિગપતિ પરણવા ધારે તને
સુરપતિ ચ્હાય છે ચતુરા તને ચિત્તથી
કે'તો મદન જ તારે સદન હું ખડો કરૂં
કે'તો શશી સૂર્યને વરાવું રૂડી રીતથી
કે'તો પટરાણી કરૂં સ્યાણી કમળાપતિની
પણ આ પશુપતિ લાયક તું નથી નથી
કોમળ કુસુમ ધગધગતા અંગારામાંહિ
હોમી દેવું સુંદરી એ શોભતું નથી નથી.

૭૨

શાને થાયે હઠીલી સલુણી તું
શૃંગાર સજી લે, તપ જપ તજી દે—શા૦
કાયા સુકોમળ કમળ આ, પાષાણથી પછડાય છે
ચંપા કળી નાહક જુઓ આ, કાગ કાજ મૂઝાય છે
હસી હરખભર, લાયક વરી લે વર—અંહ અંહ (૨)—
સાહે૦—જેથી મળ્યું મન જેહનું તે ચિત્ત તેને ચ્હાય છે
સાકર વખાણે શોખી કંઈ મધરસિક મધગુણ ગાયછે.
બ્રહ્મચારી બાવા—પ્રેમદાવા આવા—વાહ (૪)—

શિવજી— ૭૩

અહા શું સુંદરી રૂપાળી, ચિત વૃત્તિઆ ચોરી ચાલી—શું૦
નાજુક બદન, ચપળ નયન, મધુર વચન મનહારી—
આહા મધુર કેવું—સુરૂપ જોયા જેવું
ન્યાળી હૃદય ઠર્યું—નથી આ જેવું તેવું-હાં-શું૦
સજ્યા નથી શણગાર—રૂપનો તોયે અંબાર
પ્રેમથી ભર્યો ભંડાર—સંસારનો જાણે સાર

શિવજી— ૯૪

મધુરી માલતી જો જરી ભ્રમર કરે ગુંજાર
રસીક રસીલો રીઝવો, સફળ કરો સંસાર—

પા૦—આ તે શું સ્વપ્ન છે ?

શિવજી— સાચે સાચું.

પા૦—પ્રીતમ પ્રાણાધાર આ ?—સાચે સાચું.

શિવજી—પ્રીતિ બાજી જીતી તું હું તો હાર્યો

પા૦—પાસો નશીબનો પોબારછે-સાચે સાચું-પાસો૦

શિવજી—અજબ રમત રસીલી રમી

પા૦—ખોયાં નાં તન મન

શિવજી—આ તન મન પણ જીતી ગઈ, પ્રીતે કરી પ્રસન્ન—

પા૦—સૂર્ય સોનાના આજે ઉગેલા, ભાગ્યોદયે મળ્યા છેલ છબીલા

બન્ને—દિવસ ધન્ય ધન્ય આ—સાચે સાચું૦—

ઇન્દ્રી— ૯૫

ખૂબ જમણ જમાઊં—બસ વાહ રે વાહ
પેટ ભરી ઉડાઊં—બસ વાહ રે વાહ
લાડુ બાસુદી, વાહવારે વાહવારે અહા
ડબાક ડબાક ડબ સબડક સબડક
માલ જમી ચકાચક, ધમાધમ મચાવું—ખૂબ૦
ધામધૂમે પરણાઊં—બસ૦ નાચી કુદીને ગાઊં—બસ૦
તરકટ ધિન્ના, ધિધિકટ ધિન્ન, છાછા છક છક છક છક છા છા
આપને પ્રતાપ—ચઢાઊં જગ ચાક—ખૂબ૦

શિવજી— ૯૬

પ્રાણ પ્યારી પરણી લાવું, ઘરની ઘરણી કરે,
શ્રૃંગાર સજીને આવે, પ્રેમે મને વધાવે,
ઠમકતી, ચમકતી, ઝન ન ન ન ન ન.—

હાવ ભાવ સવ નવીન બતાવે, મંદ હાસ્યથી હસી હસાવે,
પ્રેમ માલતી, ચિત્ત મ્હાલતી, ભમર રહ્યો હું તલસી
શ્રૃંગાર વૃષ્ટિ રહી વરસી
વાહ વાહ, સંસાર, વાહ પ્યાર, આહા—
અજબ એ છબ છબ રસીલી રસભર,
દેશું આલિંગન કહીઃ-'સુંદર વર'
દાબીશું પ્રેમભર ઝાલી વ્હાલીનો કર
પ્રીતિનો પ્યાલો પીશું પરસ્પર—

પા૦— ૭૭

આવી હું જીતી આવી, મા શંકર વર વરી આવી
મા ભોગી બનાવી આવી, શિવ જોગી અંતર જામી--
પામી પામી હું મનગમતો સ્વામી,
જામી જામી પ્રીતિ પૂરી જામી,
વામી વામી સંકટ સઘળાં વામી,
સુરવર મુનિવર માંહિવર શંકર—ભોગી૦—

સાહેલી— ૭૮

ઓયરે બેની (૨) હવે પરણુશો
પરણીને અમને વિસારશોરે

પા૦— જા જા રે ઘેલી—

સા૦—સ્વામી પામીને પછી સખી શું કરવી
મલકાય મોઢું શું આહારે—જા જારે૦
સ્વામી ઘેબરને સખી તો ગાંઠીઆ
ઘેબર ગમે ન બાઈ ગાંઠીઆરે—જા જારે૦

સોના૦ સોની૦ વ્યાસ— ૭૯

થયા આ હાલ પાપીના—
ભગત ઠરીને જગત ઠગ્યું તુ

ધરી ન શીખામણુ ધ્યાન—
પાપ ઝેર ફુટે ને ફુટે, છાનું છપનું પણ નહિં છૂટે
ભરથાર, તજે નાર, ધિક્કાર, સોસોવાર—

મેના— ૮૦

અજબ મૂરતી ! ક્યાંથી ઉતરી
શોધી શોધી વાહ દીકરા વરી—
વાહ વાહ જોયા જેવા વર, કેવા મદન સુંદર
સ્વારી અગાઉ ઉપર—આ જોગટાને દઉં શું એ દીકરી—

નારદ—જોયા શંભુ મેના માત, વરી કુંવરી સુજાત

મેના—રાખું કુંવારી ભવ સાત, નહિં પરણાવું કોઈ વાત
પરભવની વેરણ એ પુત્રી—શોધી૦

મેના— ૮૧

નાના નહિ નહિં પૂંખું એ વરને—કોઈ કાળે
મરકટ મુખ જેવું, તર્કટ આ કેવું, આવ્યા સુરવર ભલા દમારે
જોગો લંગોટો જ્યારથી, આવ્યો કહાપો સારથી
વાહ વાહ કેવો અજબ ઢોંગ, અજબ ઢોંગ—
જોયા આ ભંગી, સરપ સંગી, આવ્યા વરવા
વાહ વાહ રે રંગ—વાહ વાહ રે રંગ—

પાર— ૮૨

મોહિનીઆ ! મોહિનીઆ ! મોહિનીઆ ! મોહીનીઆ !—
ચિત્ત વૃત્તિ હારનાર, હૃદયહાર, સ્વર્ગસાર
વદનચંદ—હસિતમંદ—અકુરીંદ—સુખકંદ—
જનમ સફળ આહા, સ્વામી પામી શું રૂપાળા
તજસું હું પ્રીતિ પ્રસંગ—હરખાઉં—લોભાઉં—
મરમાંવ—ગભરાઉં—દુસાઉં—ને થાઉં દંગ—

શિવજી— ૮૩

પ્રવીણ પ્રિયા ધન્ય રે

સુખદ સુંદરી હૃદય હર્યું તેં-જાણ જીવતર અન્ય રે-

પા૦—રંગ રસીઆ, શું હસીઆ

શિવજી—ચતુર વિચક્ષણ ચંચળ ચપળા વાહરે વાહરે-પ્ર૦

પા૦—વચનમંત્રથી વશ કરી લીધી

શિવજી—મ્હેં પણ કાયા અરપણ કીધી

બન્ને—દુધ સાકર સંબંધરે—પ્ર૦

સખીઓ— ૮૪

જઈ સાસરે સુજનપણું-કરજે આ કુળને ઉજળું-જઈ

પીજે સાસુ નણંદનાં પાયાં પાણી

બોલે રખે સ્વામીની સામું તું શાણી

આગ એ જો તું થજે પાણી—સૌંથી હળી મળી ચાલજે-

કોઈને સામું વેણ કદાપિ ન કહેતી

ભોળી મારી બેની હજુ છે અહલેતી

કામ લેજો એથી કળેથી-સૌભાગ્ય વધુનાં વરવંડ—

સઘળા— ૮૫

મનહર મૂર્તિ પશુપતિની તનમાં તનમાં

હરતી ફરતી સુખ કરતી તનમાં મનમાં

વાહ વાહ વિધાતા તનં, ઘડીઆ કેવી પળે

જોડી ન બીજી મળે, જોતાં નયન ઠળે-હાં

ભ્રાન્તિ ભાગી કાન્તિથી, શાન્તિ શાન્તિ થઇ

સુર સુંદરી, સઘળી મળી, મુખ ઉચરી

ફડાન ધિટ્ર ધા, કડાન ધિટ ધા, કડાન ધિટ ધા—મન૦

સમાપ્ત.

જાહેર ખબર.

નીચે લખેલાં પુસ્તકો શ્રી દેશી નાટક સમાજનો મુકામ હોય ત્યાંથી અથવા અમદાવાદ વાળપદમાં ગ્રંથકર્તા પાસેથી મળશે. માટે જેઓ સાહેબને જોઇતાં હોય તેણે રોકડી કિંમતથી મંગાવી લેવાં અગર વેલ્યુપેબલ પણ મોકલવામાં આવશે. નોટપેડ કાગળ રાખવામાં નહીં આવે.

	રૂ. આ. પા.
શ્રી સંગીત લીલાવતી (આવૃત્તિ ૩ જી)	૦—૪—૦
સતી સંયુક્તા નાટકનાં ગાયનો	૦—૨—૦
ભોજરાજ નાટકનાં ગાયનો	૦—૨—૦
સુભદ્રાહરણ નાટકનાં ગાયનો...	૦—૨—૦
વીર વિક્રમાદિત્ય નાટકનાં ગાયનો...	૦—૨—૧
રામરાજ્યવિયોગ નાટકનાં ગાયનો	૦—૧—૦
કેસર કિશોર નાટકનાં ગાયનો	૦—૨—૦
ભગતુરાજ નાટકનાં ગાયનો...	૦—૨—૦
ઉર્વશી અપ્સરા નાટકનાં ગાયનો	
મ્યુનીસીપાલ ઇલેક્શન નાટકનાં ગાયનો	૦—૧—૦

ઝવેરી ડાહ્યાભાઈ ધોળશા.

રચી પ્રસિદ્ધ કરનાર.

ઠે—અમદાવાદ ડાંગીવાડની [illegible]